Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

ક્રમાંક/કેસીજી/MYSY/૨૦૧૮-૧૯/ 401
તા. 06/09 /૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
કોલેજ તમામ,
ગુજરાત રાજ્ય

વિષય: માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજનાની માહિતી યુનિવર્સીટીની વેબસાઈટ પર દર્શાવવા બાબત

સંદર્ભ: ૧.ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો તા.૦૧.૦૨.૨૦૧૮નાં રોજનો ઠરાવ ક્રમાંક નં: પરચ/ ૧૦૨૦૧૪/યુઓઆર/ખ.

૨.માન.સીઈઓ કેસીજી ફાઈલ ક્રમાંક નં કેસીજી/એડમિન/૨૦૧૭-૧૮/૫૧૨ પર મળેલ આદેશ.

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ (૧)થી ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓમાંથી માન્ય બોર્ડની ધોરણ-૧૨ની વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પાસ થયેલ અતિ જરૂરિયાતમંદ એવા વિદ્યાર્થીઓને સ્નાતક અભ્યાસક્રમ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ નીચે દર્શાવેલ સાત કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓને "માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" અંતર્ગત લાભ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૧) રાજ્ય ૫૦% થી ઓછી મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ- ૧૨ પરિક્ષા પાસ કરનાર કન્યાઓની આ યોજના નીચે જેટલી સંખ્યા ઠરાવવામાં આવે તે સંખ્યાની તેઓ મેરીટમાં આવતા હશે તો તેઓને શિષ્યવૃતિ મળવાપાત્ર રેહશે.

(૨) ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ,આતંકવાદ,નકસલવાદ જેવા કારણોસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના કેન્દ્રિય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના કેન્દ્રિય કે રાજ્ય અનામત પોલીસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો કે જેઓએ ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી હોય તેઓને આ યોજના નીચે જેટલી સંખ્યા ઠરાવવા માં આવે તે સંખ્યાની મર્યાદામાં તેઓ મેરીટ માં આવતા હશે તો તેઓ શિષ્યવૃત્તિ મેળવવા પાત્ર રહેશે.

(૩) શ્રમિકકાર્ડ ધરાવતા શ્રમિક વાલીના ધોરણ ૧૨પછી ના કોઈપણ અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવે તેવા બાળકો;

(૪) ધોરણ ૧૨ પછીના કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા ૪૦% થી વધુ વિકલાંગતા ધરાવતા વાલી ના બાળકો અથવા પોતે ૪૦% ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા હોય તેવા બાળકો,

(૫) ધોરણ ૧૨ પછીના કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવી વિધવા મહિલાના બાળકો;

Pragna Puram, Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in

(૬) ધોરણ ૧૨ પછીના કોઈપણ અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવે તેવા અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય;

(૭) ધોરણ ૧૨ પછીના કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે ડીવાર્સી/ત્યકતા મહિલાના બાળકો.

**નોંધ :** ઉક્ત કેટેગરીમાં આવતા ધોરણ-૧૨ પાસ અને શૈક્ષણિક વર્ષ-૨૦૧૭માં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ કે જેમનાં વાલીની કુટુંબની વાર્ષિક આવક રૂ.૪.૫૦ લાખ સુધીની હોય તથા જે વિદ્યાર્થીઓએ અગાઉ મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજનાનો (MYSY) લાભ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને પણ ઉકત યોજનાનો લાભ મેરીટના ધોરણે મળવાપાત્ર રહેશે.

જે અન્વયે સંદર્ભ-(૨)થી માન.સીઈઓ કેસીજીના આદેશ અનુસાર ઉક્ત યોજનાની માહિતી વધુમાં વધુ વિધાર્થીઓ સુધી પહોંચે અને આ યોજનાનો લાભ લઇ શકે તે માટે આપશ્રીને આપની કોલેજોની વેબસાઈટ પર તેમજ આ તમામ કોલેજોની વેબસાઇટ પર પણ આ યોજનાની લીંક https://scholarships.gujarat.gov.in/ મુકી અને આ યોજનાનો પ્રચાર કરવા વિનંતી છે.

એડવાઇઝર 6-1-18
કેસીજી,અમદાવાદ

સી.ઈ.ઓ
કેસીજી,અમદાવાદ

બિડાણ:

૧.ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો તા.૦૧.૦૨.૨૦૧૮નાં રોજનો ઠરાવ ક્રમાંક નં :પરચ /૧૦૨૦૧૪/યુઓઆર/ખ ની નકલ

નકલ રવાના:

૧. પીએસ ટુ માન.અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગાંધીનગર, ગુ.રા

૨. પીએસટુ નિયામકશ્રી, ઉચ્ચશિક્ષણ નિયામકશ્રીની, કચેરી ગાંધીનગર,ગુ.રા

૩. પીએસટુ નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર, ગુ.રા